# નમાઝ અને ઝકાતની
# એહમીયત અને ફઝીલત

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ઝકાતની અદાએગીની તાકીદ અને ફઝીલતના સિલસિલામાં ઘણા ફસીહો બલીગ અને નસીહત આમેઝ કલામ ફરમાવેલા છે. અલ્લાહતઆલા જલ્લાશાનોહુ એ કુરઆને કરીમમાં જાઁબજાઁ નમાઝના કેયામના સાથે ઝકાતની અદાએગીનું ફરમાન કરેલુ છે. *નમાઝ અને ઝકાત એક બીજા સાથે અંદરોઅંદર એ મુજબના જોડાયેલા છે કે, એક ને નિકાલો યા હટાવો તો બીજો સાબિત ન રહી શકે,* તેથી આપ (સ.અ.વ.વ.) એ નીચે મુજબના કલામો ફરમાવા.

આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, ખલ્કના હર ગની લોગો પર ઝકાત ફર્ઝ કરવામાં આવેલી છે, તેથી અય મારા ભાઈ તું જાણ કે,

## ઝકાત બગૈરની નમાઝ :

- તે હૌઝની મિસ્લ છે જેમાં પાની નથી.
- રૂખ બગૈરના જીસ્મ મુજબ છે.
- માલસામાન બગૈરની દુકાન મુજબ છે.
- નૂર બગૈરની આઁખની મિસ્લ છે.
- લોગો બગૈરના શહેર મુજબ છે.
- સરદાર બગૈરની રઈયત જેવી છે.
- અક્લ બગૈરના ઈન્સાન મુજબ છે.
- પાંખ બગૈરના પરિન્દા મુજબ છે.
- ઝબાન બગૈરના મૂઁહ મુજબ છે.
- ફલ બગૈરના દરખ્ત મુજબ છે.
- ફૂલ બગૈરના બગીચા મિસ્લ છે.
- ચરાગ બગૈરના ઘર મુજબ છે.
- નાક બગૈરના ચેહરા મુજબ છે.
- પાઘડી બગૈરના કપડા મુજબ છે.
- ખુશ્બુ બગૈરના મુશ્ક મુજબ છે.
- કિશ્તી બગૈરના દરિયા મુજબ છે.
- “મોહંમદુર રસૂલુલ્લાહ” બોલા બગૈર “લાઈલાહા ઈલ્લલ્લાહ” મુજબ છે.
- માઅરેફત બગૈર કુરઆન મુજબ છે.
- વહેચનાર વહેચાણમાં અને વાયદો આપનાર વાયદામાં ફરી જાય અને કરાર તોડી નાંખે એ મુજબ છે.
- એ શખ્સની મિસ્લ છે, જે અલ્લાહ અને તેના રસૂલ ને ધોકો આપે.
- એ વરસાદની મિસ્લ છે જેમાં વિજલી અને ગરજ ન હોય.

તો જાણ તુ અય મારા ભાઈ ! અગર લોગો ઝકાતની અદાએગી કરવામાં સોચે અને ખયાનત કરવાથી પરહેઝ કરે અને તેના માલની ઝકાત અદા કરે તો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ફરમાનનો અમલ થાય. ***અલ્લાહતઆલા એ કુરઆને કરીમમાં પણ ફરમાવું છે કે, તેહકીક કે અલ્લાહતઆલા તમને હુકુમ કરે છે કે, તમે અમાનતને તેના હક્કદારને જ અદા કરો. યહાં અમાનતની માઅના માલની ઝકાત અદા કરવાની છે.*** તેથી એય ઈમાનદારો, તમે અલ્લાહતઆલા અને તેના રસૂલ (સ.અ.વ.વ.) ના કૌલમાં ગૌરોખૌઝ કરો, ખયાનત કરવાથી બીલ્કુલ પરહૈઝ કરો કેમ કે રૌઝે મેહશર અલ્લાહ અને રસૂલ (સ.અ.વ.વ.) ના સામે તમને ઉભા રહેવાનું છે. તેઓ તમારાથી તેઓના હક્કને અને અમાનતને તલબ કરશે અને અગર તેઓના હક્કમાં તમે ખયાનત કીધી હશે અને તમારા ઝકાતની અદાએગી બગૈરના માલને તમારા દીકરાઓ, દિકરીઓ, બાવાજી, બૈરો, અકરુબાઓમાં છોડો હશે અને જો તેઓ આ માલને ઈસ્તેઅમાલ કરશે, તો અલ્લાહતઆલા તેઓને પૂછશે અને તમારી ખયાનતના સબબ તમને અને તેઓને અઝાબ કરવામાં આવશે. ***અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં ફરમાવુ છે કે, અલ્લાહતઆલા એહસાન કરનારને પસંદ કરે છે અને બીજી જગહ પર ફરમાવુ છે કે, અલ્લાહતઆલા એહસાન કરનારાઓના અજરને હરગીઝ ઝાયેઅ કરતો નથી.*** ★